R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬
અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા
http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 21•ISSUE: 11 DATE: 18-03-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## એનડીએ સરકારની અઢી વર્ષની કામગીરીનો વિપક્ષે હિસાબ માંગતા સંસદમાં અનેક મુદ્દાઓ ઘર્ષણ

સંસદના બન્ને ગૃહોમાં સત્તારુઢ પક્ષ ભારતીય જનતા પાર્ટી અને વિપક્ષો વચ્ચે અનેક મુદ્દાઓ પર ભારે ધાંધલ થઈ હતી.લોકસભામાં વિપક્ષોએ એનડીએ સરકારની અઢી વર્ષની કામગીરીના હિસાબો માંગ્યા હતા.તો સામે સરકારે પણ ભુતકાળમાં કોગ્રેસની નિષ્ફળતાની યાદી આપીને પોતાનો બચાવ કર્યો હતો.જેમાં કારણે ભારે શોરબકોર વચ્ચે ગૃહોની કાર્યવાહીમાં ખલેલ પડી હતી.રાજયસભામાં પેટ્રોલપંપો પર પેટ્રોલ ખરીદવામાં ક્રેડિટ કાર્ડથી થતી ચુકવણી પર સરચાર્જ અને જલાપઈગુડીમાં બાળકની તસ્કરીમાં ભાજપના એક નેતાની સંડોવણીના મામલે ઘર્ષણ ઉભુ થયું હતું.

લોકસભામાં કોગ્રેસના નેતા મલ્લિકાર્જુને મે-૧૪ પછી મોદી સરકારે શરુ કરેલા વીજળી પ્રોજેકટો અને તેમાંથી કેટલી વીજળી પેદા થાય છે તેની માહીતી ગૃહમાં આપવાની માંગણી સામે ગોયેલે કોઈ માહિતી નહીં આપતાં કોગ્રેસ પર પ્રહારો કર્યા તેના કારણે મામલો બીચક્યો હતો.જો કે સરકાર તરફથી પોતાની અઢી વર્ષની કામગીરી આપવામાં જે રીત અપનાવાઈ તે વિરોધ પક્ષોને માન્ય નહોતી.ભુતકાળમાં જે થયું તેના કારણે અઢી વર્ષની કામગીરીના રીપોર્ટ ના અપાય તે વ્યાજબી નથી તેવું વિરોધ પક્ષનું માનવુ હતું.કોગ્રેસે ૬૦ વર્ષમાં કશું કર્યુ નથી તો પછી તમે અઢી વર્ષમાં જે કર્યું હોય તે જણાવો.



મોસુલમાંથી પલાયન થઈ રહેલા ઈસ્લામીક સ્ટેટના આતંકીઓ દ્વારા નાગરિકો પર અત્યાચાર કરતા ગયા છે. જેમાં બાળકો પણ ભોગ બની રહયા છે. સમારીટન પર્સ ઈવેન્જીલકલ હ્યુમેનેટેરીયન એઈડના સ્વયંસેવકો દ્વારા ઘાયલ થયેલ એક નાની બાળકીને હોસ્પીટલ સારવાર માટે લઈ જવાઈ રહી છે. ઈસ્લામીક સ્ટેટ ના આતંકીઓ પર ચારે બાજુથી ધોસ વધતા હવે તેમણે ઈરાકી,અમેરીકી,રશિયન,કુર્દીશ અને સ્થાનિક દળોનો સામનો કરવા કરતાં ભાગી જવાનું પસંદ કર્યુ છે.અલ બગદાદી જે આઈએસઆઈએસનો વડો હતો તેણે મોસુલ છોડી જવાનો પોતાનો નિર્ણય તેમના સાથીઓને જણાવ્યો હતો તેવું જાહેર થઈ ચુક્યું છે.નજીક ભવિષ્યમાં આ આતંકી સંગઠનનો સફાયો થઈ શકે તેવી સંભાવનાઓ વધી ગઈ છે.

## ગેરકાયદેસરની કતલ રોકવા સરકાર નવો કાયદો અમલમા લાવવા માંગે છે

રાજ્ય સરકારે પશુઓ,ગૌમાંસ અનગે ગૌમાંસની બનાવટોની હેરફેર, તેમાં વપરાતાં વાહનો -સાધનો જપ્ત કરવાની જોગવાઈ સહિતના કાયદાને વધુ કડક બનાવવાનો નિર્ણય કર્યો છે.જેના અનુસંધાને વર્તમાન વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા વિધેયક પસાર કરાવાશે.આ વિધેયકમાં સરકારે ઓછામાં ઓછી સજા ૭ વર્ષ અને વધુમાં વધુ સજા ૧૦ વર્ષ સુધી કરવાની જોગવાઈ કરી છે.એવી જ રીતે આ કાયદા હેઠળના તમામ ગુનાઓને પોલીસ અધિકારના અને બિન જામીનપાત્ર કરવાની પણ જોગવાઈ કરી છે.

વિધાનસભામાં આ સુધારા વિધેયક રજુ કરાયા બાદ તેના ઉપર વિગતવાર ચર્ચા થશે અને તે બહુમતિ કે સર્વાનુમતે પસાર કરાયા બાદ રાજ્યપાલને મંજુરી માટે મોકલી દેવાશે.અને તેમની મંજુરી બાદ જરુરી નિયમો સુધારીને સુધારેલા કાયદાનો અમલ કરી શકાશે.દુધાળા પશુઓના સંવર્ધન અથવા ખેતીના હેતુઓ માટે યોગ્ય હોય તેવા પશુઓનું સંરક્ષણ કરાશે.જો કે સરકાર તમામ રાજ્યને વેજીટેરીયન બનાવવા માંગતી હોય તેવું લાગે છે.ગેરકાયદેસર કતલ રોકવાના આશયથી આ કાયદામાં વધુ કડક જોગવાઈઓ ઉમેરવામાં આવી છે.

## ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલે તાજેતરની ચુંટણીઓમાં મેળવેલી જીત બદલ વડાપ્રધાન મોદીને અભિનંદન પાઠવ્યા

ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલે વડાપ્રધાન મોદીએ તાજેતરમાં ઉત્તર પ્રદેશમાં મેળવેલ જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા.ભારતને વિશાળ અને વિકાસની સિધ્ધિઓમાં આગળ લઈ જવા માટે તેમની અપૈક્ષાઓને જનતાએ સ્વીકારીને તેમને મેન્ડેટ આપ્યો છે.

નરેન્દ્ર મોદી કેમ્પેઈન વિકાસ માટે હતો જે સાચો પડ્યો છે.આ એક એવો મુદો છે જેને તમામ ભારતીયો ૨૦૧૪થી માહિતગાર છે. આ મુદ્દા પર બધા જ ભારતીયો સંમત છે કે તેમાં કોઈ ધર્મ કે જાતિ આવતી નથી.જ્યારે દેશનું યુવાધન કે ૧૦૦ મીલીયન જેટલું છે તેમને માટે કાસ્ટનું મહત્વ રહ્યું નથી.પરંતુ તેમણે મોદીના એજન્ડાનો સ્વીકાર કરીને તેમને મેન્ડેટ આપ્યો છે જેમાં ખ્રિસ્તી યુવાનો પણ સામેલ છે.મોદીનુ રોજગારીની તકો નિર્માણ કરવાનું વચન અને તે માટે તેમણે દેશના આર્થિક માળખાને સબળ બનાવવા માટે જે પ્રયત્નો આદર્યા છે તેમાં સહુ સંમત થયા છે.જો કે ફુગાવો અને ભાવ વધારો લોકોને હતાશ કરનારો છે પરંતુ તે ગ્રામીણ અને રુરલ વિસ્તારોમાં વધુ છે.

મોટાભાગના ભારતીયો ફુગાવાને તેમની વ્યક્તિગત આવકમાં થતી અસરોથી વાકેફ છે.પરંતુ તેમની વ્યક્તિગત આવક ફુગાવાની નજદીકમાં નથી.જ્યારે ક્રિશ્ચિયન કોમ્યુનીટી કે જેમણે હંમેશા વિકાસ માટે કામ કર્યુ છે અને સમાનતાના ધોરણે છેક નીચલા સ્તરો પર કાર્ય કર્યુ છે.પણ તેનો પ્રતિસાદ પુરતો નથી. પરંતુ એ માનવાને કારણ છે કે જાતિના ભેદભાવ મટી જાય તો ભારત મહાન બની શકે છે.

પ્રથમ ઓબીસી કક્ષામાંથી આવતા વડાપ્રધાનએ ભારતના વિકાસ માટે લાંબાગાળાની સામાજિક ક્રાંતિ સ્વીકારી છે તેને આવકારીએ છીએ.કાઉન્સીલ નરેન્દ્ મોદીએ પોતે બેકવર્ડ કલાસના છે જે નમ્રપણે સ્વીકાર્યું છે તેને આદર પુર્વક સ્વીકૃતિ આપીએ છીએ.મોદી વડાપ્રધાન પદ ઉપર બિરાજમાન થયા તેનો શ્રેય ડો.બી.આર.આંબેડકર અને મહાત્મા ફુલેને જાય છે.જેઓ કે જઓ ભારતના દલિત બહુજનની આશાઓ હતી.ભારતમાં હવે નવી ક્રિશ્ચિયન કોમ્યુનીટી કે જેમની વસ્તી દેશના વિવિધ વિસ્તારોમાં આકાર લઈ રહી છે કે જે ભારતીય જીવનનો એક ભાગ બની રહી છે કે જેમાં ઈલેકશનના પરિણામોમાં પણ તે અસ્તિત્વ ધરાવે છે.હવે ખ્રિસ્તીઓને નાની લઘુમતી તરીકે ગણના કરવી ખોટું ગણાશે.

નવી ખ્રિસ્તી પેઠી હવે નરેન્દ્રમોદી પાસેથી આશા રાખે છે કે મોદીની સરકાર તેમને બીજી લઘુમતીઓની સાથે ભારતનો નવો વિકાસ થાય તેમાં જોતરી લે.ક્રિશ્ચિયન કોમ્યુનીટી ઈચ્છે છે કે કટ્ટરવાદી પરિબળોને પ્રાઈમ મિનિસ્ટર અને તેમની કેબિનેટ કિનારે કરી દે અને હવે ખ્રિસ્તીઓ વિરુધ્ધનો હિંસાચાર બંધ થાય જે વર્ષોથી વિવિધ રાજ્યોમાં ચાલતો આવ્યો છે.ભારતમાં વસતા ખ્રિસ્તીઓ પરદેશી નથી. કે દેશ વિરોધી તત્વો નથી.સમગ્ર ખ્રિસ્તી સમુદાય ઈચ્છે છે કે તેઓ શાંતિપુર્ણ રીતે આ દેશમાં રહી શકે,જીવી શકે અને તેમના ધર્મ અને તેમની આસ્થાનું જતન કરી શકે તેવી અપેક્ષાઓ તેઓ દેશના વડાપ્રધાન પાસેથી માંગી રહ્યા છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચુંટણીના જે પરિણામો આવ્યા તેનાથી દેશના તમામ રાજકીય પક્ષો અને ખુદ ભારતીય જનતા પાર્ટીને પણ આશ્ચર્ય થયું છે.જો કે ભારતીય જનતા પાર્ટીનો આ વિજય અકલ્પનીય છે અને કોઈએ આવી કલ્પના કરી નહોતી કે બહુમતીથી ભાજપ ચુંટાઈ શકે.આ વિજય પાછળ વડાપ્રધાન મોદી અને ભાજપના પ્રમુખ અમિત શાહનો ભવ્ય પુરષાર્થ છે.તેમણે યુપીમાં ડેરા તંબુ તાણ્યા સાથે સાથે ભાજપના અનેક સાંસદો,મંત્રીઓ અને સંઘ તેમજ તેની ભગીની સંસ્થાઓના કાર્યકરો,ભાજપના દેશભરના કાર્યકરોને કામે લગાડાયા અને પરિણામે આ અભુતપુર્વ સફળતા મળી છે.

૨૦૧૪ની લોકસભાની ચુંટણીઓમાં જે સફળતાઓ મેળવીને ભાજપે લોકસભામાં બહુમતી હાંસલ કરી અને મોદીને વડાપ્રધાન બનવાની તક મળી એજ કરિશ્મા ફરીથી યુપીમાં દોહરાવાયો.

યુપીમાં જે પ્રકારે ભાજપે વિજય હાંસલ કર્યો તેનાથી વિપક્ષો કોમામાં સરી ગયા. કોગ્રેસને બીજા રાજ્યોમાં મળેલી સફળતા બાબતે વિચારવાની શુધ્ધિ ખોઈ નાંખી અને જ્યારે ભાજપે સરકાર બનાવવાની તક ઝડપી ત્યારે જાગી.પરંતુ તક હાથમાંથી સરી ગઈ. ગોવામાં અને મણિપુરમાં બહુમતી હોવા છતાં કોગ્રેસ પોતે સરકાર બનાવી શકી નથી એ તેમની નિર્બળતા છે.કેવી રીતે ચુંટણી લઈ શકાય અને તમામ મોરચે કેવી રીતે લઈ શકાય એ જો સમજવી હોય તો મોદી અને અમિત શાહના પ્લાનીગં ઉપર વિચારી જોવા જેવું ખરું. ભાડે રાખેલા પ્રશાંત જેવા કન્સલટંટોથી ચુંટણીઓ જીતાતી નથી એ આ બે ભાજપના મહારથીઓએ સિધ્ધ કરી દેખાડ્યું.

## મંતવ્ય

ઉત્તરપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીને ચુંટણીમાં બહુમતી મળતાં ભાજપના કેટલાક નેતાઓ એવું કહેવા પ્રેરાયા છે કે આ જનાદેશ ભાજપના કેટલાક ચુંટણીમાં અપાયેલા વચનો આધારિત છે જેવા કે રામ મંદિર. રામમંદિરનો મુદ્દો એવો છે કે જેના પર ચુંટણીઓ જીતી શકાય તેમ છે. જો એક વાર આ મુદ્દો ઉકલી જશે તો પછી ભાજપા માટે નવી ચુંટણીઓમાં એવો મજબુત ક્યો મુદ્દો રહેશે કે જેના મારફતે જનાધાર મેળવી શકાશે.કેટલાકનું મંતવ્ય એવું છે કે નોટબંધીના મુદ્દાને લોકોને બાજુ પર ધકેલ્યો છે.પરંતુ એ ના ભુલવું જોઈએ કે નોટબંધી દેશના સામાન્ય નાગરિકને બહુધા મુશ્કેલીઓ આપી છે. તેથી જનતાએ તેને માફ કરી છે તેવું માની લેવું જોઈએ નહી.

એનડીએ સરકારે ચુંટણી વખતે આપેલા વાયદાઓ હજુ સુધી પુરા થયા નથી.મોંઘવારીનો સળગતો મુદ્દો હજુ પણ યથાવત છે. લોકોના મનમાં હજુ તેમના ખાતામાં રુ.૧૫ લાખ જમા થશેની વાત ભુલાઈ ગઈ નથી.તેવા અનેક મુદ્દાઓ છે જે પ્રજાના મનમાં હજુ રમે છે.માત્ર ચુંટણીઓ જીતી જવાથી આ બધી બાબતો તમે ભુલાવી દેવાનો પ્રયત્ન કરતા હો તો પ્રજા એટલી બેવકુફ નતી કે તમને માફી આપી દેશે. જે લોકો તમને ઉચકે છે તે તમને પછાડે છે

રમેશભાઈ ડી.મકવાણા


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# અમેરિકાના નવા ચુંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની નવી નીતિઓ સામે જન આક્રોશ વધી રહ્યો છે જેથી ટ્રમ્પ સામે ઇમ્પીચમેન્ટ થઇ શકે છે

અમેરિકાના નવા ચુંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને હજુ એક મહિનાનો સમય પુરો થયો નથી અને સત્તાના સુત્રો હાથમા આવ્યા નથી ત્યાં સુધીમાં વૈશ્વીક સ્તરે અટકળો શરુ થઈ ચુકી છે કે તેમને પદભ્રષ્ટ કરવાની સેનેટમાં દરખાસ્ત આવશે ? શું તેઓ સૌથી ઓછા કાર્યકાળમાં પદભ્રષ્ટ થનાર સર્વ પ્રથમ રાષ્ટ્રપતિ બની જશે ?

ડોનાલ્ડ ટ્રમ્પને સત્તા પરથી હટાવવા માટેની એક કવાયત શરુ થઈ ચુકી છે.કેલીફોર્નિયાની રિચમંડ સીટી કાઉન્સીલે સર્વસંમતિથી અમેરિકી સંસદને હાકલ કરી છે કે તેઓ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવવા માટે પ્રયાસ શરુ કરે.

કેલીફોર્નીયાના સભ્ય ગેલ મેકલાઘલિને આ દરખાસ્તને આગળ ધપાવતાં દલીલ કરી છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પનો બિઝનેસ સંપુર્ણ વિશ્વમાં ફેલાયેલો છે.અને જેની સંપુર્ણ વિગતો આપવાની તેમણે મનાઈ કરી છે.બંધારણ અને કાયદા મુજબ આ પુરતુ કારણ છે કે સંસદ તેમની સામે ઈમ્પીચમેન્ટ પ્રસ્તાવ લાવવા માટે પુર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાની સામે ઈમ્પીચમેન્ટની ચર્ચા બીજા કાર્યકાળ અને છઠ્ઠા વર્ષે શરુ થઈ હતી અને તે અગાઉ જયોર્જ બુશને આખરી દિવસોમાં તેમને હટાવવાની ચર્ચાએ જોર પકડ્યુ હતું.

અમેરિકી બંધારણમાં આપવામાં આવેલી જોગવાઈ મુજબ જો ચુંટણી થઈ ગયા બાદ કોઈ રાષ્ટ્રપતિ માનસિક સ્થિતિ ગુમાવી દે, પોતની સરકારને કોઈ ભ્રષ્ટાચાર કે દમનમાં ઝોંકી દે અથવા વિદેશી શક્તિઓના વિશ્વાસને ઠેસ પહોચાડે તો તેને ખુરશીમાંથી હટાવી દેવાનું અમેરિકાના હિતમાં છે.

હવે અમેરિકાના બંધારણમાં પ્રમુખના ઈમ્પીચમેન્ટ માટે આપવામાં આવેલી તમામ શરતોમાંથી લગભગ તમામ શરતો પર ડોનાલ્ડ ટ્રમ્પ પર આરોપ મુકી શકાય તેમ છે.આ આરોપોમાંથી કોઈ એક પણ સાચું નીકળે તો અમેરિકી સંસદમાં નવા રાષ્ટ્રપતિને ઈમ્પીચ કરવાની પ્રક્રીયા શરુ કરાશે.

ટ્રમ્પે પ્રમુખપદે આરુઢ થયા બાદ સહુ પ્રથમ સાત મુસ્લીમ દેશોમાંથી આવતા વસાહતીઓને રોકી કાઢ્યા છે.પરિણામે વિશ્વમાંથી અમેરિકામાં વસવાટ કરવા માટે આવી રહેલા મુસ્લીમ દેશોના નાગરિકોને માટે યુએસ વિઝા મેળવવા મુશ્કેલ બની ગયા છે.આ ઉપરાંત અન્ય એશીયન દેશોના અમેરિકામાં વસવાટ કરતા ગેરકાયદેસરના વસાહતીઓ માટે ભારે મુશ્કેલી ઉભી થઈ છે. આ વસાહતીઓ માટે પાછા ફરવાનો સંકેત આપી દેવાયો છે.જેના કારણે અમેરિકામાં કેટલીક ધનાઢ્ય લોબી જેમણે ટ્રમ્પને ચુંટણીમાં ફંડો આપ્યા હતા અને ભારે મદદ કરી હતી તેઓ મુશ્કેલીમાં મુકાયા છે.અમેરિકામાં ગેરકાયદેસર રીતે વસતા ભારતીયોની સંખ્યા પણ ખુબજ મોટા પ્રમાણમાં છે.આ લોબીએ પણ ભારે રાજકીય લોબીંગ કરીને આવા નિર્ણયો અટકાવવા પ્રયત્નો શરુ કર્યા છે. પરંતુ ટ્રમ્પના નિર્ણયોમાં ડખલ કરી શકાશે કે કેમ તે કહેવું કવેળાનું છે.

# લોકસભાએ મહિલાઓ માટે ૨૬ સપ્તાહની મેટરનીટી લીવનું બીલ પસાર કર્યુ

મહિલાઓને લાભ આપતું મેટરનીટી બીલ લોકસભાએ પસાર કર્યુ હતું. અત્યાર સુધીમાં મેટરનીટી લીવ ફકત ૧૨ સપ્તાહની હતી અને હવેથી મેટરનીટી માટેની રજાઓ ૨૬ સપ્તાહ સુધીની મળશે.લોકસભામાં વોઈસ વોટથી આ બિલ પસાર કરી દેવાતાં દેશની ૧૮ લાખ કામકાજી મહિલાઓને તેનો લાભ મળશે. આ નવો કાયદો દસથી વધુ કર્મચારીઓ જ્યાં કામ કરતાં હશે તેવા એસ્ટાબ્લીશમેન્ટમાં લાગુ પડશે અને ફક્ત બે બાળકો માટે તેનો લાભ મળી શકશે.મેટરનીટી બેનીફીટ(એમેન્ડમેન્ટ) બીલ ૨૦૧૬ અગાઉ રાજ્યસભામાં પસાર કરી દેવામાં આવ્યુ છે.કેનેડામાં મહિલાઓને ૫૦ જ્યારે નોર્વેમાં ૪૪ સપ્તાહની મેટરનીટી લીવ આપવામાં આવે છે.અગાઉના કાયદામાં સુધારો કરતાં શ્રમ મંત્રી બંડારુ દત્તાત્રયે કહ્યુ કે નવા નિયમો ઘડતી વખતે તેમને એ વાતની ખાત્રી રાખી છે કે તેનાથી પ્રેગ્નન્ટ મહિલાઓને સૌથી વધુ લાભ મળે.મહિલાઓને આ મારી નમ્ર ભેટ છે.

# અમેરિકન હ્યુમન રાઇટ્સ પ્રેકટિસના કન્ટ્રી રીપોર્ટમાં ભારત પર આક્ષેપો : ધાર્મિક સ્વતંત્રતા પર નિયંત્રણોની સમસ્યાઓનો પણ સમાવેશ

અમેરિકાના વિદેશમંત્રાલયના વર્ષ ૨૦૧૬ના હ્યુમન રાઈટ્સ પ્રેકટિસ રિપોર્ટમાં ભારતમાં માનવ અધિકારને લગતી ઢગલાબંધ સમસ્યા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આવી નોધપાત્ર ઘટનાઓમાં વિદેશી ભંડોળથી ચાલતી એનજીઓ પર પ્રતિબંધ,ધાર્મિક સ્વતંત્રતા પર નિયમનો, ભ્રષ્ટાચારનું વ્યાપક દુષણ અને પોલીસ તેમજ સુરક્ષા દળો દ્વારા લોકો સાથે અભદ્ર વર્તનનો સમાવેશ થાય છે. જે એનજીઓની કામગીરી રાષ્ટ્રીય કે જાહેર હિતમાં નથી તેવી પ્રવૃત્તિ પર પ્રતિબંધ મુકવા સરકારે પગલાં લીધા છે. અનેક કિસ્સાઓમાં ગુપ્તતાના અધિકારોનું હનન કરાયું છે.

અમેરિકી પ્રમુખ ટ્રમ્પના શાસન પછી પહેલીવાર રજુ કરાયેલા આ રીપોર્ટમાં એવી નોધ લેવાઈ છે કે લોકોનું લાપતા થઈ જવું , જેલોની ખરાબ સ્થિતિ, કોર્ટોમાં કેસોના ભરાવાને કારણે લોકોને ન્યાય મળવામાં થતો વિલંબ જેવી સમસ્યાઓ છે.પોલીસ કસ્ટડીમાં જ આરોપીઓની હત્યાના કિસ્સા, અત્યાચાર, બળાત્કારની ઘટનાઓનો વ્યાપ વધ્યો છે.અનિયંત્રિત ગુનાખોરી પણ વધી છે. મહિલાઓ,બાળકો ,અનુસુચિત જાતિ અને જનજાતિના લોકો પર અત્યાચાર એ જાતિ,ધર્મને આધારિત સામાજિક હુમલાઓનો વધેલો વ્યાપ જેવી સમસ્યાઓનો ઉકેલ લાવવો અનિવાર્ય હોવાનું યુએસ સંસદમાં રજુ કરાયેલા અહેવાલમાં નોંધવામાં આવ્યું છે.

મહિલાઓ અને યુવતીઓ પર બળાત્કાર,ઘરેલું હિંસા, દહેજને લગતાં મૃત્યુ,ઓનર કિલિંગ, જાતીય સતાવણી, મહિલાઓ અને યુવતીઓ પ્રત્યે ભેદભાવ જેવી સામાજિક સમસ્યાઓએ ગંભીર રુપ લીધું છે.

બાળકોની જાતીય સતામણી, મહિલા ભ્રુણહત્યા,બાળલગ્નો માટે ફરજ પાડવી, માનવ તસ્કરી,બાળ મજુરી અને વેઠીયા મજુરી, વેશ્યાવૃત્તિ માટે યુવતીઓની તસ્કરીના કિસ્સા વધ્યાની રિપોર્ટમાં નોધ લેવાઈ હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

# મણિપુર મધર્સ દ્વારા લશ્કરને વધુ પડતી સત્તાઓ આપતાં AFSPA ના કાયદાને નાબુદ કરવા ઇમ્ફાલ ખાતે નિવસ્ત્ર પ્રદર્શન કર્યું હતું

આસામ રાઇફલ્સના જવાનોએ કરેલી બળાત્કારની ઘટનાના ૧૩ વર્ષ પછી પણ આ મુદ્દે રાજ્યમાં હજુ આક્રોશની લાગણી છે.૩૨ વર્ષની યુવતી પર કરાયેલા બળાત્કાર બાદ મધર્સ ઓફ મણિપુર નામની મહિલાઓએ આર્મીને વધુ પડતી સત્તાઓ આપતાં આફસ્પા કાયદાને નાબુદ કરવા માટે રાજધાની ઇમ્ફાલમાં નિવસ્ત્ર પ્રદર્શન કર્યુ હતું.ઘટનાના ૧૩ વર્ષ પછી પણ તેમણે આ મુદ્દે પોતાની લડત ચાલુ રાખી છે.૧૫ જુલાઇ ૨૦૦૪ના રોજ ૧૨ જેટલી વયસ્ક મહિલાઓએ ઇમ્ફાલના ઐતિહાસિક કાંગલા ફોર્ટની આગળ આસામ રાઇફલ્સના કેમ્પની સામે કમ ઇન્ડીયન આર્મી રેપ અસ પ્લેકાર્ડ સાથે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.ન્યાય મેળવવા ચાલી રહેલ લડતને સરકારો મુંગી બની જોઇ રહી છે.

# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઇ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઇ શકો છો,છતાં એમને કોઇ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઇક વળતર મળે એટલો ઉદેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઇએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઇન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઇ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઇપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઇપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઇ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઇ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઇ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઇ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઇપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઇ સ્વાર્થ વિનાનું હોય એ શક્ય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઇ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઇ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઇ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઇ અધિકાર નથી એવું કોઇએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# સૌથી મોટા કેબલ સ્ટેઇડ બ્રિજનું ભરુચ ખાતે વડાપ્રધાને લોકાર્પણ કર્યુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભરુચ ખાતે સૌથી લાંબા અને રુ.૩૭૯કરોડના ખર્ચે બંધાયેલ કેબલ સ્ટેઇજ બ્રિજનું લોકાર્પણ કર્યુ હતું.ભરુચ કેબલ સ્ટેઇજ બ્રિજના ઉદઘાટન પ્રસંગે તેમણે કહ્યુ હતું કે હવેથી મુંબઇથી અમદાવાદ જનારા ટ્રાફિકની સમસ્યા નહીં રહે. આ ઉપરાંત ૮ ધોરી માર્ગને છ લેઇનના નેશનલ હાઇવેમાં તબદીલ કરતાં અકસ્માતોની સંખ્યા ઘટશે.આર્થિક વિકાસને વેગ મળશે.તેમણે ગુજરાતના ૮ ધોરી માર્ગોને નેશનલ હાઇવેમાંપરિવતીત કરવાની જાહેરાત પણ કરી હતી.રાજ્યના ૧૨૦૦ કી.મી.ના આ ૮ ધોરી માર્ગોને નેશનલ હાઇવેમાં ફેરવવા કેન્દ્ર સરકાર રુ.૧૨ હજાર કરોડ ફાળવશે તેવી ઘોષણા પણ તેમણે કરી હતી.

જો કે ઘણા વખતથી તૈયાર પડેલા આ બ્રીજને વડાપ્રધાન દ્વારા ખુલ્લો મુકાય તેના માટે ખુલ્લો કરાયો નહોતો.હવે આ બ્રીજને કારણે લોકોને રાહત પહોચશે.

જો કે ભાજપે આ બ્રીજ માટે જશ ખાટવાનો પ્રયત્ન કરતાં સાંસદ અહેમદ પટેલે આ અંગે વાંધો ઉઠાવતાં કહ્યુ હતું કે આ બ્રીજના નાણાં મંજુર કરાવવા માટે તેમણે પ્રયત્નો કર્યા હતા અને યુપીએ સરકારે આ નાણાં આપ્યા છે.જેથી આ બ્રીજ પરટોલ ટેક્સ લેવાશે નહીં.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# સૌરાષ્ટ્રના દરિયા કિનારા પર ૪૦ પોર્ટ વિકસાવવા ૪૫ હજાર કરોડનું રોકાણ કરાશે : માછીમારી અને દરિયાઇ પટ્ટીના વિકાસ માટે વડાપ્રધાનની જાહેરાત



સોમનાથ ટ્રસ્ટની મીટીંગમાં હાજરી આપવા પધારેલા વડાપ્રધાન મોદીએ જાહેર સભાને સંબોધતા સૌરાષ્ટ્રના માછીમારો અને દરિયાઇ પટ્ટીના વિકાસ માટે કેટલીક જાહેરાતો કરી હતી.ગરીબ માછીમારોને બોટ ખરીદવા માટે ૫૦ ટકા સબસીડી આપવામાં આવશે. ઉપરાંત બ્યુ રેવોલ્યુએશન લાવવા દરિયાઇ ખેતી વિકસાવવાની વાત કરી હતી.ઓખાથી બેટ દ્વારકા વચ્ચે રુ.૫૦૦ કરોડના ખર્ચે આઇકોનિક બ્રિજ બનાવવામાં અને કંડલા બંદરે ૧૪૦૦એકરમાં સ્માર્ટ ઇન્ડસ્ટ્રીયલ પોર્ટ સીટી બનાવવાની વાત કરી હતી.

વડાપ્રધાન મોદીએ કહ્યુ હતું કે રુ. ૮ લાખ કરોડના ખર્ચથી દેશના ૪૦૦ પોર્ટ ફીશીંગ સ્થળો વિકસાવવામાં આવશે.જેમાં ગુજરાતમાં રુ.૪૫ હજાર કરોડથી ૪૦ બંદરોનો વિકાસ કરાશે.તેમાંથી ૧૮ પોર્ટને આધુનિક બનાવવામાં આવશે.૧૧ પોર્ટની રેલ્વે માર્ગ, એર કનેક્ટીવીટી વધારવામાં આવશે.૭ પોર્ટ વિસ્તારોમાં ઔધ્યોગિક વિસ્તારો ડેવલપ કરવામાં આવશે.જ્યારે ચાર પોર્ટને કોસ્ટલ કોમ્યુનીટી ડેવલપમેન્ટ પ્લાન હેઠળ આવરી લેવાશે. કંડલા પોર્ટ સીટી બનતાં ૫૦ હજાર રોજગારીની તકોનું નિર્માણ થશે.

બ્લુ રેવોલ્યુએશન બાબતે તેમણે કહ્યુ હતું કે શેવાળ જેવી દરિયાઇ વનસ્પતિઓ અને કેટલીક માછલીઓના ઉછેર માટે આંધ્ર પ્રદેશની જેમ ગુજરાતના દરિયાઇકાંઠાના વિસ્તારોમાં દરિયાઇ ખેતી વિકસાવાશે.એનો અર્થ એવો પણ કરી શકાય કે ઝીંગા માછલીના ઉત્પાદન માટે વધુ તકોનું નિર્માણ થશે.સૌથી મોટો એક્સપોર્ટનો ધંધો નવા પોર્ટો દ્વારા થઇ શકે છે.

સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા કાંઠાના વિસ્તારોમાં વસતા અને માછીમારીના ધંધા ઉપર નભતા નાના અને મોટા માછીમારો માટે વડાપ્રધાનની જાહેરાતોએ ખુશાલી લાવી દીધી હતી. હવે વડાપ્રધાને કરેલી જાહેરાતો મુજબ તેમનો એજન્ડા કામ કરે તે જોવાનુ રહ્યું.માંસ મદિરાની આભડછેટ ધરાવતી વૃત્તિવાળા સત્તા પર બેઠેલા રાજકારણીઓને વડાપ્રધાનની જાહેરાત કેટલી અનુકુળ આવે છે તે જોવાનું રહ્યું.

ગુજરાતમાં સહુ પ્રથમ વાર જાહેરમાં દરિયાઇ ખેતી માટે સત્તા પર બેઠેલા અધિકૃત નેતાએ કરેલી જાહેરાત અમુક કોમના લોકોને પસંદ નહી આવે પરંતુ દેશના વિકાસ માટે જે તકો પુરી પાડી શકાય તે માટે પાછી પાની કરી શકાય નહી. ગુજરાતનો સૌથી વિશાળ અને સમૃધ્ધ દરિયા કિનારો છે અને તેના દરિયા કિનારા પર માછીમારીનો પરંપરાગત રીતે મોટા પ્રમાણમાં વ્યવસાય ચાલે છે.માછલી ઉત્પાદનનું સૌથી મોટુ પ્રમાણ નિકાસ થાય છે. આ ઉપરાંત સુકી માછલીનો બહુ મોટો વેપાર સૌરાષ્ટ્રમાં ચાલે છે.જેનાથી નાના માછીમારોને પોતાનુ જીવન ગુજરાન ચલાવે છે.માછીમારીનો ઉદ્યોગ માટે ગુજરાતનો દરિયાકિનારો ઉમદા જગ્યા છે.કચ્છના દરિયા કાંઠાના વિસ્તારોમાં થતી જીંગા માછલી અને પોમ્પલેટ માછલી વિશ્વભરમાં મોટુ બજાર ધરાવે છે.અને તેને કારણે માછીમારો આ વિસ્તારમાં આર્કષાય છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર ક્લાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૯૯૮૦૭૨૮૮૧

# હિન્દુ કટ્ટરવાદીઓ દ્વારા દિલ્હીમાંના ૧૨ ચર્ચોની સંયુક્ત પ્રાર્થના સભા પર હિંસક હુમલો,પાસ્ટરોને માર મારવામાં આવ્યો અને ત્યાની વ્યવસ્થામાં બારે તોડફોડ કરવામાં આવી









૨૪મી ફેબ્રુઆરીએ બદરપુર,દિલ્હી ખાતે ૧૨ ચર્ચો દ્વારા સંયુક્ત રીતે યોજવામાં આવેલી પ્રાર્થનાસભા ઉપર હિન્દુ કટ્ટરવાદીઓ દ્વારા હિંસક હુમલો કરવામાં આવ્યો હતો.મીટીંગનુ સંચાલન કરી રહેલા પાસ્ટરોને માર મારવામાં આવ્યો હતો.તેમજ ત્યાં ઉભી કરવામાં આવેલી વ્યવસ્થાને તોડીફોડી નાંખવામાં આવી હતી.

હિન્દુ તોફાની તત્વો પ્રાર્થનામાં ભાગ લેવા આવ્યા હોય તેમ ઘુસી ગયા હતા.અને બે દિવસથી શાંતિપુર્ણ રીતે ચાલી રહેલી પ્રાર્થના સભા ઉપર હુમલો કર્યો હતો.આ પ્રાર્થના સભા ૧૨ ચર્ચોના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલી હતી. અને તે દિલ્હીના બદરપુર ખાતે હતી.હુમલાખોરોએ પ્રાર્થનાસભા ચલાવી રહેલા પાસ્ટરો ઉપર હુમલો કરીને તેમને માર માર્યો હતો તેમજ ડાયસની બાજુમા ગીતસંગીત આપતું ક્વાયરના સભ્યોનું વૃંદ બેઠેલું હતું તેના સભ્યો ઉપર પર હિંસક હુમલો કરીને તેમને માર માર્યો હતો.તોડફોડ અને મારામારી કર્યા બાદ હુમલાખોરો નાસી ગયા હતા.

આ પ્રાર્થના સભાને' દિલ્હી એનસીઆર પીસ ફેસ્ટીવલ' નામ અપાયું હતું.જેને ૧૨ ચર્ચોના યુથે ઓર્ગેનાઈઝ કર્યુ હતું.યુથમાં દિલ્હીના ૧૨ ચર્ચો અને ફરિદાબાદ બોર્ડર ,ક્રિશ્ના ગાર્ડન,નાલા રોડ,નીયર લવકુશ,જૈતપુર,બદરપુર એરીયા જે સાઉથઈસ્ટ દિલ્હીનો સમાવેશ થાય છે.

પાસ્ટર માઈકલ ફર્નાડીઝ, મુંબઈથી આ પ્રોગ્રામના મુખ્ય વક્તા તરીકે આમંત્રિત કરાયા હતા.અને પાસ્ટર સન્ની વિશ્વાસ અને પાસ્ટર વિજય કોટલાવે પુનેથી આમંત્રિત કરાયા હતા.આ ત્રણ વક્તાઓ યોજાયેલ પ્રાર્થના મીટીંગના મુખ્ય મુદ્દાલેખ ઉપર પોતાના વિચારો ઉપસ્થિત સભાજનોને પીરસતા હતા.જેમાં મુખ્ય મુદ્રાલેખ "તમારો સંતાપને બદલી નાંખવામાં આવશે "બાયબલ આધારિત વચન જોન ૧૬:૨૦ આધારિત આ મુદ્દાલેખ હતો.સભાજનો પૈકીના એકે જણાવ્યુ હતું કે પ્રથમ દિવસની રાત્રિનું આયોજન શાંતિપુર્વક પુર્ણ થયું હતું.ઘણા બધા હાજર લોકોએ ઈશ્વરની કૃપાનો અહેસાસ કર્યો હતો.તેમજ ઈશ્વરના વચનો દ્વારા લોકોએ પોતાના મનની શાંતિ અનુભવી હતી.તેમાનાં કેટલાકના જીવનમાં બદલાવ આવ્યો હતો.

પરંતુ બીજી રાત્રીએ જેવી પ્રાર્થનાસભાની શરુઆત થઈ કે તુરતજ હિન્દુ કટ્ટરવાદીઓ કે જેઓની સંખ્યા લગભગ ૧૫ જેટલી હતી કે જેઓ લોકોની મધ્યમાં ગોઠવાયેલા હતા એકાએક તેઓ ઉઠ્યા અને સીધા સ્ટેજ ઉપર ધસી ગયા અને સ્ટેજ પર પોતાના વિચારો વ્યક્ત કરી રહેલા પાસ્ટરને મારવાનું શરુ કરી દીધું.ત્યાં હાજર ક્વાયરના સભ્યો કે જેઓ આ ઘર્ષણમાં વચ્ચે પડ્યા તેમને પણ માર મારવામાં આવ્યો. આ હિન્દુ કટ્ટરવાદી ટોળાએ પાસ્ટર સહિત અન્યો ઉપર પણ હિંસક હુમલાઓ કર્યા.હિંન્દુ કટ્ટરવાદીઓ પાસે લાકડીઓ, લોખંડના સળીયા,અને બીજી કેટલીક ધાતક ચીજો દ્વારા ત્યાં હાજર વિશ્વાસુઓને મારવામાં આવ્યા. પોલીસની ત્યાં હાજરી હતી છતાં તેઓએ આ ઘટનાના મુક સાક્ષી તરીકેની કામગીરી બજાવી.પોલીસે આ કૃત્યને રોકવા માટે કોઈપણ જાતનો પ્રયત્ન કર્યો નહીં.

ક્રિશ્ચિયન ટુ ડે ઈન્ડીયાના જણાવ્યા પ્રમાણે આ ટોળું આરએસએસ અને બજરંગ દળનું હતું જેમણે ક્રિશ્ચિયન પ્રાર્થનાસભા ઉપર હુમલો કર્યો હતો.અમોને નવાઈ લાગી કે પોલીસે આ ટોળાના લોકોને હુમલો કરતાં રોક્યા નહીં.પ્રાર્થના સભાની પહેથીજ પોલીસ પાસે પરમીશન લેવામાં આવી હતી.અને પોલીસ પ્રાર્થનાસભાને સલામતી આપવા માટે મુકવામાં આવી હતી.પરંતુ તેઓએ તેમની જવાબદારી નિભાવી નહી. કારણકે પોલીસ સત્તાવાળાઓ સમક્ષ કટ્ટરવાદીઓના ખોળામાં બેઠેલી હતી.

આ પ્રાર્થના સભામાંની એક હજારની સંખ્યામાં લોકો ઉપસ્થિત હતા કે જેઓ ૧૨ ચર્ચો દિલ્હી અને ફરિદાબાદમાં આવેલા છે તેના સભ્યો હતો.હુમલો કરવામાં આવ્યો તે સ્થળ બદરપુર,દિલ્હી કે જે ફરિદાવાદની બોર્ડર પર આવેલ છે તે હતું.હુમલો કરનારા લોકો આર એસ એસ(સંઘ) અને બજરંગ દળના સભ્યો તરીકે જાણીતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે કારણકે ખ્રિસ્તીઓ પર થઈ રહેલા હુમલાઓની પેટંટ દેશભરમાં થઈ રહેલા ખ્રિસ્તીઓ પર હુમલાઓ સાથે મળતી આવે છે.

બીજા એક સભાજને કહ્યુ હતું કે હુમલાખોર ટોળાએ જે વસ્તુઓ ત્યાં હાથમાં આવી તે તમામ તોડી ફોડી નાંખી હતી.ટોળાએ આ સભામાં હાજર ખ્રિસ્તી નેતાઓને ટાર્ગેટ બનાવીને તેમને ઈજાઓ પહોચાડી હતી.વ્યક્તાનું ટેબલ,ખુરશીઓ અને તેની ઉપર મુકેલા આર્ટીકલો તોડી નાંખવામાં આવ્યા હતા.એવું કહેવાઈ રહ્યું છે કે ખ્રિસ્તીઓ પોતાના શાંતિપુર્ણ આયોજનો પણ પુરા કરવા દેવા નહીં તેવો કટ્ટરવાદીઓને સંકલ્પ કર્યો છે.

ત્યાં હાજર અને આ આયોજનમાં ભાગ લઈ રહેલા પાસ્ટરે કહ્યુ હતું કે આ હુમલા પાછળનો આશય એ છે કે પાસ્ટરોને ગભરાવી દેવા જેથી તેવો ઈશ્વરના વચનો અન્યો સામે કહી શકે નહી. તેમજ ખ્રિસ્તીઓ પણ આ વચનોના સાક્ષી બનીને તેનો પ્રચાર પણ ના કરી શકે.પરંતુ આ એક બાબત છે જે આપણને ઈસુ ખ્રિસ્ત આપણો પ્રભુ છે તેના વિશ્વાસમાં દઢ કરે છે કે જે જગતનો તારણહાર છે.




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સંબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.